'સ્વચ્છતા અભિયાન'નાં લીરેલીરા : વડોદરામાં વહેતી થઈ કેમિકલની નદી!

# જામ્બુઆ નદીના સફેદ ફીણ તંત્રની નિષ્ફળતાની ચાડી ખાઈ રહ્યા છે



**કેમિકલયુક્ત** પાણીથી નદીના અસ્તિત્વ સામે ખતરો, જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.14
સંસ્કારી નગરી વડોદરાના પાદરેથી પસાર થતી જામ્બુઆ નદી ફરી એકવાર કેમિકલ માફિયાઓના નિશાને આવી છે. ગત રાત્રિ દરમિયાન અજાણ્યા કેમિકલ માફિયાઓ દ્વારા નદીના વહેણમાં મોટા પ્રમાણમાં ઝેરી કેમિકલ ઠાલવવામાં આવતા નદીના પાણીમાં સફેદ ફીણના ગોટેગોટા જોવા મળ્યા હતા. આ ઘટનાને પગલે નદીમાં રહેતા જળચર પ્રાણીઓના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે, જેને લઈ પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા પાસેની જામ્બુઆ નદીમાં મોડી રાત્રે કોઈ ઔદ્યોગિક એકમ અથવા ટેન્કર દ્વારા કેમિકલયુક્ત ઝેરી કચરો ઠાલવવામાં આવ્યો હોવાની આશંકા છે. સવાર થતા જ નદીના પાણી પર કેમિકલના કારણે ફીણના થર જામેલા જોવા મળ્યા હતા. નદીના પટમાં દૂર-દૂર સુધી માત્ર સફેદ ફીણ દેખાતા હતા, જે કેમિકલની ગંભીરતા અને ઝેરીલાપણાની સાક્ષી પૂરી રહ્યા છે. જામ્બુઆ નદીમાં ઠાલવવામાં આવેલા આ ઝેરી કેમિકલને કારણે પાણીમાં ઓક્સિજનનું સ્તર ઘટવાની ભીતિ છે. નદીમાં રહેતા માછલાં અને મગર જેવા જળચર જીવોના મૃત્યુ થવાની પૂરેપૂરી શક્યતા છે. આ ઉપરાંત, આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી અને પશુપાલન માટે આ નદીના પાણીનો ઉપયોગ થતો હોવાથી પશુઓના સ્વાસ્થ્ય પર પણ માઠી અસર પડી શકે છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં કેમિકલ માફિયાઓ અવારનવાર રાત્રિના અંધકારનો લાભ લઈ નદીઓમાં પ્રદૂષિત પાણી છોડે છે. વારંવારની રજૂઆતો છતાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ભરવામાં આવતા નથી. જો સમય રહેતા આ માફિયાઓ પર લગામ લગાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં જામ્બુઆ નદી માત્ર એક ગટર બનીને રહી જશે. નદીમાં કેમિકલ છોડનારા તત્વો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

વેચાણ કરાર કરીને હપ્તા ભરવાનો વાયદો કર્યા બાદ કાર લઇ ગયેલા સીકલીગરે હપ્તા ભરવાનું બંધ કર્યું

# વડોદરામાં કાર પરત નહીં આપી ફરાસખાના વેપારી સાથે ઠગાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.14
ફરાસખાનાના વેપારીની કાર લીધા બાદ પણ સિકલીગર દ્વારા બાકીના હપ્તા ભરવાનો વાયદો આપ્યા બાદ પણ હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. જેથી કાર પરત માંગવા છતાં કાર પરત નહીં આપી કે પછી ગાડીના હપ્તા પણ નહીં ભરીને વેપારી સાથે ઠગાઈ કરી હતી.

વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલા ખોડીયાર નગર વિભાગ ૨ માં રહેતા ભુષણ રવિન્દ્ર બાગુલે ફરીયાદ નોંધાવી છે કે હું શિવ ફરાસખાના એન્ડ ડેકોરેટર્સ ચલાવુ છુ અને મારી માતા નામે વંદનાબેન રવિન્દ્ર સોનારના નામ પર ફાઈનાન્સથી 11.47 લાખની લોન લીધી હતી. જે કાર વર્ષ 2022ના જુલાઈ માસથી હું એલ એન્ડ ટી કંપનીમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કોન્ટ્રાકટમાં ફેરવતો હતો. પરંતુમારા પેટ માં આંતરડામાં કાંણુ પડી જતા વારસીયા ખાતે હોસ્પીટલમાં માર્ચ 2025માં ઓપરેશન કરાવતા અને મને ડોક્ટરે ત્રણ માસ સુધી આરામ કરવાનું જણાવ્યું હતું. હું ત્રણ માસ મારા ઘરે રહેતા કારના માસિક હપ્તા રૂ.25,850 ચાર હપ્તા બાઉન્સ થયા અને પેનલ્ટી ચઢી જતા મે કાર વેચાણ કરવાનું નક્કી કર્યું હતું.

જેથી અગાઉથી મારી સાથે એલ એન્ડ ટી કંપનીમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ડ્રાઈવીંગ કરતા નિલેષ પટેલ તથા રવિભાઈ આર્યને મારી કાર વેચાણ કરવાની વાત કરતા તેમના ગેરેજવાળા ઓળખીતા હિતેશભાઈ હરિયાનીના મોબાઈલ નંબર આપતા મેં તેમની સાથે વાત કરી ત્યારે મારી સાથે માંજલપુર ખાતે એક પાર્ટી છે તેને હું 10 વર્ષથી ઓળખું છું તેમનુ નામ ગબરસિંગ સરદારજી છે અને મારા ગેરેજ પર છેલ્લા દસ વર્ષથી આવે છે. જેથી તેઓનું મોબાઈલ નંબર આપ્યો હતો. ત્યારબાદ મે તેઓ સાથે મારી ગાડીના ચઢી ગયેલા ચાર હપ્તા તથા પેનલ્ટી પંદર દિવસમાં ક્લીયર કરી દઈશ અને બાકી રહેતા 29 હપ્તાના રૂપિયા 7.49 લાખ ફાઈનાન્સમાં ત્રણ મહિનામા કલીયર કરી એનઓસી આપી દઈશ તેમ વિશ્વવાસ આપ્યો હતો.ત્યારબાદ ગબર સિંગ સીકલીગર 2 સપ્ટેમ્બર 2025 ના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં ફોરવ્હીલ ગાડી લઈ ગયો હતો. પરંતુ આ ગબરસિંગ સિકલીગર (રહે. શિકોતરનગર- 2 કોતર તલાવડી અલવાનાકા માંજલપુર વડોદરા) ને જણાવ્યું કે તમે હપ્તા કેમ નથી ભરતા નથી અને હપ્તાના ભરવાના હોય તો મારી ગાડી મને પરંત આપી દો તેમ કહેતા તેઓએ કે હું હપ્તો ભરી દઈશ અને આજદીન સુધી કોઈ હપ્તો નહી ભર્યો નથી કે ગાડી પણ પરત આપી મારી સાથે ઠગાઈ આચરી છે.

રાષ્ટ્ર પ્રતિ પ્રતિબદ્ધતાની ભાવના મજબૂત બને તેવો સંદેશ અપાયો

# AGSU દ્વારા પુલવામા હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.14
14 ફેબ્રુઆરી 2019ના રોજ પુલવામા ખાતે થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોની સાતમી વરસી નિમિત્તે ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયન દ્વારા એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સની મેઈન બિલ્ડિંગ ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શહીદ જવાનોના ચિત્રો સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી તેમની અદમ્ય શૌર્યગાથાને નમન કરવામાં આવ્યું હતું તથા બે મિનિટનું મૌન પાળી વીરગતિને પ્રાપ્ત થયેલા જવાનોના બલિદાનને યાદ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત વિદ્યાર્થીઓ દ્વારા શહીદોના ફોટા સમક્ષ પુષ્પ ફૂલ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ કોમર્સના ડીન પ્રોફેસર પ્રજ્ઞેશ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દેશની સુરક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી તથા યુવા પેઢીમાં દેશપ્રેમ અને રાષ્ટ્ર પ્રતિ પ્રતિબદ્ધતાની ભાવના મજબૂત બને તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ દ્વારા શહીદોના બલિદાનને સન્માન આપતા સૌએ એકતાનું અને રાષ્ટ્રપ્રેમનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ દુઃખદ ઘટનાના અનુસંધાને ત્યારથી 14 ફેબ્રુઆરીનો દિવસે વેલેન્ટાઈન ડે તરીકે નહીં, પરંતુ દેશના શહીદોને યાદ કરતો બ્લેક ડે તરીકે પણ મનાવામાં આવે છે.

# શહેરમાં બપોરે આકરી ગરમીનાં કારણે મિશ્ર વાતાવરણનો અનુભવ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14
વડોદરામાં ધીમે ધીમે શિયાળો વિદાય લઈ રહ્યો છે. બેવડી ઋતુના અનુભવ સાથે હવે લોકોના ઘરોમાં પંખા, કુલરો એસીની શરૂઆત થઈ ગઈ છે. શહેરમાં શનિવારે મહત્તમ તાપમાન 34 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 18.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 79 ટકા અને સાંજે 31 ટકા નોંધાયું હતું. વાતાવરણમાં હાલમાં વિચિત્ર પલટો જોવા મળી રહ્યો છે, જેમાં લોકોને બેવડી ઋતુનો સામનો કરવો પડી રહ્યો છે. વહેલી સવારે ઠંડી અને બપોરે આકરી ગરમીના કારણે મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં તાપમાન અને પવનની ગતિમાં ફેરફાર સાથે માવઠાની પણ શક્યતા સેવાઈ રહી છે. છેલ્લા થોડા દિવસોથી રાજ્યમાં પવનની ગતિ 15 થી 20 કિમી પ્રતિ કલાક જેવી વધુ જોવા મળી રહી હતી. સાથે જ તાપમાન 30 ડિગ્રીથી ઉપર રહેતા ઉનાળા જેવો અહેસાસ થતો હતો.

સીબીએસઇ બોર્ડની પરીક્ષાના સંચાલન માટે લાઇવ વેબકાસ્ટ થકી માર્ગદર્શન

# પરીક્ષા માર્ગદર્શિકા મૂલ્યાંકન પદ્ધતિ ઓએસએમ સિસ્ટમ અંગે માહિતી અપાઈ

**પરીક્ષા** પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા ત્રણ મહત્વપૂર્ણ પહેલ અમલમાં મુકાશે



( પ્રતિનિધિ ) વડોદરા,તા.14
ગુજરાત બોર્ડની પરીક્ષા પૂર્વે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા શરૂ થશે. ત્યારે, બોર્ડ પરીક્ષાના સંચાલન સંબંધિત અગત્યની વિગતો સમજાવવા માટે લાઈવ વેબ કાસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબ કાસ્ટમાં પરીક્ષા માર્ગદર્શિકા મૂલ્યાંકન પદ્ધતિ અને ઓન સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સીબીએસઈ બોર્ડની પરીક્ષાને ખાસ ધ્યાનમાં રાખીને પરીક્ષા અને મૂલ્યાંકન કેન્દ્રો પર સુનિયોજીત અને સંકલિત અમલીકરણ જરૂરી બનતું હોવાથી સીબીએસઈ દર વર્ષે આ પ્રકારનું ભેદ પ્રકાશનુ આયોજન કરે છે. આ સત્રમાં અધિકારીઓને અપડેટેડ નીતિઓ અને નવા પગલાં વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વેબકાસ્ટ સીબીએસઈની સત્તાવાર ચેનલ પર સ્ટ્રીમ કરવામાં આવી રહ્યું છે. 17 મી ફેબ્રુઆરી થી ભારત સહિત દેશના 26 દેશોની 31 હજારથી વધુ સંલગ્ન શાળાઓ માટે માધ્યમિક ધોરણ 10 અને ઉત્તર માધ્યમિક ધોરણ 12 ની બોર્ડ પરીક્ષા યોજાશે જેમાં 46 લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, તેવી સંભાવના છે.
પરીક્ષા પ્રક્રિયાને વધુ પારદર્શક અને મજબૂત બનાવવા સીબીએસઈ દ્વારા ત્રણ મહત્વપૂર્ણ પહેલ અમલમાં મુકાશે. જેમાં ધોરણ 10 માટે બીજી બોર્ડ પરીક્ષાની વ્યવસ્થા, ધોરણ 12 માટે ઓન સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમ, ધોરણ 10 માટે વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના પ્રશ્નપત્રોમાં વિભાગીય માળખું મૂકવામાં આવ્યું છે.

અન્ય મહિલા સાથે પ્રેમસંબંધ બાંધી પત્નીની ખોટી હેરાનગતિ

# તરસાલીમાં પરિણીતા પર ત્રાસ ગુજારતા પતિ વિરુદ્ધ ફરિયાદ

(પ્રતિનિધિ), વડોદરા. તા.14
તરસાલી વિસ્તારમાં રહેતી પરીણીતાના પતિએ પત્ની હતાય હોવા છતાં અન્ય મહિલા સાથે સાથે પ્રેમ સંબંધ બાધી ખોટી રીતે હેરાન કરી શારિરીક તથા માનસિક ત્રાસ આપતા હતા. પત્નીને માર મારી વાળ પકડી માથુ દિવાલમાં પછાડ્યું હતું અને તુ ઘરની બહાર નીકળીજા નહીતર તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા પરીણીતા મહિલા રાવજીભાઈ પરમારના લગ્ન મહેશભાઇ રાવજીભાઈ પરમાર (રહે- પ્રથમ પેરેડાઈઝ 02 સોમનાથનગર પાસે તરસાલી વડોદરા શહેર)ની સાથે થયાં હતા. લગ્ન બાદ પરીણીતા પતિ સાથે રહેવા માટે આવી હતી. ત્યારે પરંતુ પતિ અવાર નવાર પત્ની સાથે ઝઘડા કરી શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હતા. 12 ફેબ્રુઆરીના રોજ પરીણીતા સાંજના પોણા ચારેક વાગ્યાના અરસામાં ઘરે રસોડામાં રસોઈ બનાવી રહ્યાં હતા. તે વખતે પરીણીતાના પતિ મહેશભાઈએ કોઇ પ્રકારનું કારણવગર તેમની સાથે ઝઘડો કરી ગમે તેમ ગાળો બોલવા લાગ્યાં હતા. જેથી પરીણીતાએ કોઈ વાગ નથી તેમ છતાં કેમ ગાળો બોલો છો તેવુ કહેતા પતિ દ્વારા પત્નીને ગડદાપાટુનો મારવામાં આવ્યો હતો. ત્યારબાદ પરીણીતા વાળ પકડીને માથુ અથાડી દિવાલમાં પછીડ ગંભીર ઈજા પહોંચાડી હતી. પતિએ પત્નીને તુ ઘરની બહાર નિકળી જા તેમ કહી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. ઉપરાંત પતિના અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ રાખી ખોટી રીતે પરીણીતાને હેરેશમેન્ટ કરી શારિરક માનસિક ત્રાસ આપતા હતા. જેથી પોલીસે મહેશ રાવજી પરમાર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરામાં બાળપણ બચાવવા તંત્રની ઐતિહાસિક પહેલ

# પિતાની જીદ સામે તંત્રની સંવેદના, બાળભિક્ષા કરાવતા વાલી સામે FIR



(પ્રતિનિધિ), વડોદરા. તા.14
શહેરના ધમધમતા ટ્રાફિક અને વાહનોના ઘોંઘાટ વચ્ચે, ટ્રાફિક સિગ્નલો પર ઉભેલા એ નાના બાળકો, જેમની આંખોમાં સપનાઓ નહીં, પણ માત્ર એક સમયના ભોજનની તલાશ હતી. આ પરિસ્થિતિ બદલવા માટે ચાઈલ્ડ વેલફેર કમિટી, જિલ્લા બાલ સુરક્ષા એકમ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલ, ચાઈલ્ડ હેલ્પ લાઈન, પોલીસની SHE ટીમ અને પ્રયાસ સંસ્થાના કાર્યકર્તાઓ એક થયા. ગેંડા સર્કલથી લઈને ફતેગંજ, નિઝામપુરા અને જૂના દાંડિયાબજાર સુધી આ ટીમે માત્ર તપાસ જ ન કરી, પણ રસ્તા પર ભટકતા બાળપણને વહાલથી સાચવી લીધું. કુલ 06 બાળકો અને તેમના વાલીઓને સમજાવટથી સાથે લેવામાં આવ્યા. દ્રશ્ય એવું હતું કે જાણે તંત્ર કહી રહ્યું હોય, બેટા, તારી જગ્યા અહીં ફૂટપાથ પર નથી, સુરક્ષિત છત નીચે છે. દીપક ફાઉન્ડેશન સંચાલિત સમાજ સુરક્ષા સંકુલ ખાતે જ્યારે આ પરિવારોનું કાઉન્સેલિંગ શરૂ થયું, ત્યારે એક ચોંકાવનારી અને હૃદયદ્રાવક હકીકત સામે આવી. એક વાલી, જેમના માટે બાળકનું ભવિષ્ય નહીં પણ ભીખની આવક મહત્વની હતી. આ એ જ વાલી હતા જેને ભૂતકાળમાં તંત્ર દ્વારા પ્રેમથી સમજાવવામાં આવ્યા હતા. એકવાર અટકાયત બાદ મુક્ત કરાયા હતા, બીજી બે વખત સ્થળ પર જ હાથ જોડીને વિનંતી કરાઈ હતી કે, તમારા બાળકના ભવિષ્ય સાથે આવું ન કરો. પરંતુ, ટેવ અને લાલચ સામે સંવેદના હારી ગઈ હતી. વારંવારની ચેતવણી છતાં, 13 મી તારીખે ફરી એ જ બાળક ભીખ માંગતું મળી આવ્યું. તંત્ર માટે આ ક્ષણ કઠિન હતી, પણ બાળકના હિતમાં કડક નિર્ણય લેવો અનિવાર્ય હતો. વડોદરામાં પ્રથમ વખત, કોઈ વાલી વિરુદ્ધ બાળભિક્ષા અધિનિયમ હેઠળ FIR દાખલ કરવાનો નિર્ણય લેવાયો. આ FIR માત્ર કાગળ પરની કાર્યવાહી નથી, પણ એક સંદેશ છે કે બાળકના અધિકારો સાથે ચેડાં હવે સાંખી લેવામાં નહીં આવે, પછી ભલે તે કરનાર તેના જન્મદાતા કેમ ન હોય.

પેરોલ બાદ હાજર નહીં થઈ ભાગી ગયો હતો

# હત્યાના ગુનામાં નાસતો ફરતો પાકા કેદીને સુરતથી ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.14
મર્ડરના ગુનામાં આજીવન સજા પામેલા અને પેરોલ રજા ઉપર ગયા બાદ ફરાર થઈ ગયેલા કેદીને સુરત શહેરમાંથી વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોર્ડની ટીમે ઝડપી પાડ્યો છે.

છેલ્લા ઘણાં વર્ષોથી ગંભીર પ્રકારના ગુનાઓમાં રાજયની અલગ-અલગ જેલોમાં સજા ભોગવી રહેલા કેદીઓ કે જેઓ પેરોલ ફર્લો રજા તથા વચગાળાના જામીન તેમજ પોલીસ જાપ્તા અને જેલમાંથી ફરાર થઈ ગયા હોઈ તેવા આરોપીઓને ઝડપી પાડવા માટેની પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ દ્વારા સુચના આપવામાં આવી હતી.

જેથી ઓપરેશન પરાક્રમ અંતર્ગત પેરોલ-ફર્લો રજા તથા વચગાળાના જામીન તેમજ પોલીસ જાપ્તા જેલમાંથી ફરાર થયેલ હોઈ તેવા ફરારી કેદીઓ ઉપરાત દારૂ, અપહરણ, લુંટ, ધાડ, વિશ્વાસઘાત, લેન્ડ ગ્રેબીંગ જેવા ગુનાઓમાં સંડોવાયેલા કુખ્યાત આરોપીઓની પોલીસ દ્વારા શોધખોળ કરાઈ રહી હતી. હત્યાના ગુનામાં સજા કાપતા પાકા કેદી નિરજકુમાર શ્યામલાલ રાઠોર (રહે. વાપી મૂળ ઉત્તરપ્રદેશ)ને કોર્ટ આજીવન કેદ સજા ફટકારવામાં આવી હતી અને કેદી લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે સજા હેઠળ હતો. દરમ્યાન કેદીને 7 દિવસની પેરોલ રજા ઉપર લાજપોર મધ્યસ્થ જેલમાંથી મુકત કરવામાં આવ્યો હતો અને ગત 28 જૂન 2025ના રોજ પરત હાજર થવાનું હતુ પરંતુ કેદી હાજર નહીં થઈ બારોબાર ફરાર થઈ ગયો હતો. દરમિયાન ગ્રામ્ય પેરોલો ફર્લો સ્કવોર્ડ દ્વારા આ કેદીને સુરત શહેર ખાતે દિલ્લીગેટના બસ સ્ટેન્ડ, સુલભ શૌચાલય પાસેથી ઝડપી પાડી પરત લાજપોર મધ્યસ્થ જેલ સોંપવામાં આવ્યો છે.

વડોદરાની મુલાકાતે કેરળનું પ્રતિનિધિમંડળ આવ્યું

# 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના વિઝન સાથે જ્ઞાનનું આદાન-પ્રદાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.14
સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ. શીતલ મિસ્ત્રી દ્વારા માહિતી આપવામાં આવી કે 65 વર્ષના Communist Party of India (Marxist)ના શાસન બાદ પ્રથમ વખત Thiruvananthapuram (ત્રિવેન્દ્રમ) કોર્પોરેશનમાં 101 માંથી 51 સીટોની સ્પષ્ટ બહુમતી સાથે Bharatiya Janata Partyનું બોર્ડ સ્થાપિત થયું છે.ચૂંટાયેલા કાઉન્સિલરો દ્વારા પ્રધાનમંત્રી સાથે મુલાકાત કર્યા બાદ તેમના સૂચન મુજબ ત્રણ ટીમો બનાવી ગુજરાતના અમદાવાદ, સુરત અને વડોદરા શહેરોની અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું છે.તે અંતર્ગત પાંચ કાઉન્સિલરોની ટીમે વડોદરા મહાનગરપાલિકાની વડા કચેરી ખંડેરાવ માર્કેટ ખાતે મુલાકાત લીધી, જ્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.




**વડોદરાના વિકાસ મોડલ પર વિસ્તૃત રજૂઆત**

વડોદરામાં સયાજીરાવ ગાયકવાડના વારસાને જાળવી રાખતાં મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતા વિવિધ વિકાસ કાર્યો અંગે વિગતવાર પ્રસ્તુતિ કરાઈ હતી. **ડૉ. શીતલભાઈ મિસ્ત્રી,** અધ્યક્ષ, સ્થાયી સમિતિ

**આ પાસાઓ કેરળના પ્રતિનિધિઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા**

**1.મ્યુનિસિપલ બોન્ડ -** આર્થિક રીતે આત્મનિર્ભર બનીને શહેરનો વિકાસ કેવી રીતે કરી શકાય, તે માટે આ મોડલને તેમણે અનુકરણીય ગણાવ્યું હતું.
**2.અદ્યતન એસટીપી પ્લાન્ટ્સ:** સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સની કાર્યપદ્ધતિ વિશે પ્રતિનિધિઓએ ઊંડો રસ દાખવ્યો હતો. તેમજ વોટર મેનેજમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ અંગે ટેકનિકલ સમજૂતી અપાઈ હતી.

વડોદરામાં બેફામ વાહનચાલકોનો આતંક, હવે તો ખાખી પણ અસુરક્ષિત

# ખંડેરાવ માર્કેટ પાસે બાઈક સવારે મહિલા પોલીસ કર્મીને અડફેટે લીધા



(પ્રતિનિધિ), વડોદરા. તા.14
વડોદરામાં જાણે અકસ્માતોનો 'સિલસિલો' અટકવાનું નામ નથી લઈ રહ્યો. શહેરના રાજમાર્ગો હવે વાહનચાલકો માટે જોખમી અને રાહદારીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. આજે શહેરના ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં બનેલી ઘટનાએ ફરી એકવાર ટ્રાફિક શિસ્તના લીરેલીરા ઉડાડ્યા છે. મળતી માહિતી મુજબ, ખંડેરાવ માર્કેટ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલા એક બાઈક સવારે મહિલા પોલીસ કર્મીને જોરદાર ટક્કર મારી અડફેટે લીધા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે આસપાસના લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. પોતાની ફરજ નિભાવી રહેલા પોલીસ કર્મી જ જ્યારે રસ્તા પર સુરક્ષિત ન હોય, ત્યારે સામાન્ય જનતાની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થયા છે. અકસ્માત સર્જાતા જ ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ નવાપુરા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્ત મહિલા કર્મીને સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી, જ્યારે અકસ્માત સર્જનાર બાઈક સવારને કસ્ટડીમાં લઈ વધુ કાયદેસરની કાર્યવાહી માટે નવાપુરા પોલીસ મથકે લઈ જવામાં આવ્યો છે. શહેરમાં વારંવાર બનતાં અકસ્માતોને કારણે લોકોમાં અનેક સવાલો ઉભા થયા છે.

# ચેક બાઉન્સ કેસમાં વેપારીને 1 વર્ષની કેદ ફટકારાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.14
બોડેલી ખાતે ભગતવાડી પાછળ શેઠ વલ્લભદાસ ગોવિંદ માધવની સોસાયટીમાં રહેતાં નિલમ વલ્લભ શેઠ દ્વારા પીઝા વર્લ્ડના પ્રોપરાઈટર હોય અવાર નવાર કબીર એજન્સીના પ્રોપરાઈટર જય અશોકભાઈ પાસેથી રૂ. 8.50 લાખના વિવિધ પ્રકારની સામાનની ખરીદી કરી હતી.

જે રૂપિયાની ચૂંકવણી કરવા માટે નિલમ શેઠે રકમ લખીને આપ્યો હતો જે ચેક વેપારી પોતાની બેન્ક એકાઉન્ટમાં ડિપોઝિટ કરાવ્યો હતો. ત્યારે તેનું બેન્ક ખાતુ તો બંધ હોવાનુ માલુમ પડ્યું હતું અને ચેક બાઉન્સ થયો હતો.

જેથી વેપારીએ નિલમ શેઠ વિરુદ્ધ ચેક બાઉન્સનો કેસ કર્યો છે.જેની સુનાવણી યોજાતા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને તકસીરવાન ઠેર એક વર્ષની સજા ફટકારાઈ છે.

વૃદ્ધ બસમાં બેસવા જતાં ગઠિયાએ પાકિટ ચોર્યું હતું

# વડોદરામાં ગઠિયાએ ATMથી રૂપિયા 40 હજાર ઉપાડી લીધા

(પ્રતિનિધિ), વડોદરા. તા.14
વડોદરા શહેરના હરણી રોડ પરની સોસાયટીમાં રહેતા વૃદ્ધ એરપોર્ટ સર્કલ પાસેથી લુણાવાડા જવા માટે ચડ્યાં હતા. દરમિયાન કોઈ ગઠીયા એ તેમના ખિસ્સામાંથી એટીએમ તથા રૂપિયા સાથે પાકિટ ચોરી કરી લીધુ હતું. પરંતુ વૃદ્ધે એટીએમનો પાસવર્ડ પણ લખી તેની પાવતી પર્સમાં મુકી હતી. ત્યારે ગઠિયાએ એટીએમમાંથી રૂ.40 હજાર ઉપાડી લીધા હતા. જેનો મેસેજ તેમના મોબાઈલમા આવતા તેમને જાણ થઈ હતી. જેથી વૃદ્ધે ગઠિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના હરણી રોડ પર રોડ પર શ્રીનાથજી બંગ્લોઝમાં રહેતા દિનેશભાઈ ભુવાભાઈ પટેલ નિવૃત જીવન ગુજારે છે 11 ફેબ્રુઆરીના રોજ વૃદ્ધ લુણાવાડા જવા માટે નિકળ્યાં હતા. તેઓએ એરપોર્ટ સર્કલ ખાતે બસ રાહ જોઈ ઉભી હતા. દરમિયાન તેમની બસ આવતા તેઓ બસમાં ચઢી બેસી ગયા હતા.થોડી વાર પછી તેઓ બસમા ઉંઘી ગયા હતા અને લુણાવાડા નજીક આવતા તેમના મોબાઈલ ઉપર મેસેજ આવ્યો હતો. જેથી વૃદ્ધે મોબાઈલમા મેસેજ જોયો હતો ત્યારે તેઓ ચોકી ગયાં હતા. તેમના એસબીઆઈ બેંકના ખાતામાંથી રૂપિયા 40 હજાર કરીને પૈસા ઉપડી ગયા હોવાનુ માલુમ પડ્યુ હતું. જેના કારણે વૃદ્ધે તેમના ખીસ્સામાં રાખેલુ પાકીટ ચેક કરતા જોવા મળ્યું ન હતું. ત્યારે બસમાં ચડથી વેળા કોઈ ગઠિયાએ ભીડનો લાભ લઈને પેન્ટના પાછળના ખીસ્સામાં પાકીટની ચોરી કર્યું હતું. ત્યારબાદ બેંકના ખાતામાથી રૂ.10 હજાર ચાર વખત ઉપાડી રૂ.40 હજારની મત્તાની ઉપાડી લીધા હતા. જેથી વૃદ્ધે પોલીસ ફરિયાદ નોધાવતા પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.

20 જેટલા ગેરકાયદે શેડનો સફાયો : દબાણકર્તાઓમાં નાસભાગ મચી

# કારેલીબાગમાં વિશ્વામિત્રીનાં નાળા પાસે પાલિકાનું બુલડોઝર ફરી વળ્યું



(પ્રતિનિધિ), વડોદરા. તા.14
શહેરમાં ઠેર-ઠેર ફૂટી નીકળેલા ગેરકાયદે દબાણો સામે પાલિકા તંત્રએ લાલ આંખ કરી છે. લાંબા સમયથી ટ્રાફિક અને ભીડની સમસ્યાનું કેન્દ્ર બનેલા કારેલીબાગ-બહુચરાજી રોડ પર વિશ્વામિત્રીના નાળા પાસે આજે વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે બુલડોઝર સાથે ત્રાટકીને 20 જેટલા ગેરકાયદે કાચા શેડ તોડી પાડ્યા હતા. તંત્રની આ આક્રમક કાર્યવાહીને પગલે સમગ્ર વિસ્તારમાં દબાણકર્તાઓમાં ભારે નાસભાગ અને ફફડાટ વ્યાપી ગયો હતો. મળતી વિગતો અનુસાર, કારેલીબાગ બહુચરાજી રોડ પર આવેલા પેટ્રોલ પંપની સામેના ભાગે અને વિશ્વામિત્રીના નાળા પાસે છેલ્લા કેટલાય સમયથી ગેરકાયદે કાચા શેડ તાણી બાંધવામાં આવ્યા હતા. .

આ ગેરકાયદે દબાણોને કારણે સવારથી જ રોડ પર ગ્રાહકોની ભીડ રહેતી હતી, જેના પરિણામે વારંવાર ટ્રાફિકજામની સમસ્યા સર્જાતી હતી. વાહનચાલકો અને સ્થાનિક રહીશો માટે આ રસ્તેથી પસાર થવું મુશ્કેલ બની ગયું હતું. આ અંગેની ફરિયાદોને ધ્યાને રાખીને પાલિકાની દબાણ શાખાએ શનિવારે સપાટો બોલાવ્યો હતો. શનિવારે વહેલી સવારે જ્યારે દબાણ શાખાની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ત્યારે દબાણકર્તાઓને બચવાનો મોકો મળ્યો ન હતો. તંત્રના બુલડોઝરે એક પછી એક તમામ 20 જેટલા શેડ તોડી પાડવાનું શરૂ કરતા જ દબાણ કરનારાઓમાં દોડધામ મચી ગઈ હતી.